આ[illegible] જમાદારની ભવાઇ.

એક રમુજી વાર્તા.

સર્વ સદગ્રહસ્થોને વાંચવા માટે

પ્રસીદ્ધ કરનાર

વશનજી પરમાણંદ.

મુમ્બઇ,
કોર્ટ પ્રીંટીંગ પ્રેસ

વેચવાને માટે સામટી મંગાવનારને સાર કમીશન આપવામાં આવેછે.

કીમત ૭ પ

૧૮૮૯.

૩૯૮૩

ભીમા જમાદારની ભવાઇ.

બાલણપુર નામે ગામમા અલીમીઆ નામનો મુસલમાન સીપાઈગરીની ચાકરી કરતો હતો. જાતે મેહનતુ અને ચાલાક હોવાથી જમાદારની જગા ઉપર રેહવા લાયક થયો તેથી તેને જમાદારની જગા ઉપર કાયમ રેહવાનો હુકમ મલ્યો, આ ઉપરથી અલીમીઆ તથા તેના સગાવાહાલા ઘણા ખુસી થયા. અલીમીઆને ભીમા નામનો એકજ છોકરો હતો પણ તે એકવીસના કામ સાથે કરી નાખે એવો દોઢ ડાહ્યો હતો. એકજ છોકરો હોવાથી તેના કફોડા કામની અલીમીઆ દરગુજર કરી જાતો, અને એમ જાણતો જે

આ વાર્તાનો સાર એજ કે માણસે પોતાના અંગે અભીમાનનો બોજો ઉપાડવો નહીં કેમકે તે બીનસ્વારથી છે તેમાં આપણો કાંઈ પણ સ્વારથ નહીં સરતા ઓર ફજેત સીવાઈ બીજો કશો લાભ હોતો નથી તેમ અભીમાનથી બુધ્ધી ભ્રસ્ટ થાઈ છે માટે કોઈ પણ કામ અંહકાર રહીત સમજી ને કરવાથી જય પામે છે.

૭ પૈની કીમતવારી ચોપડીઓ

રાજકુંમાર સંગભુજ પેલો ભાગ.

બીજો ભાગ.

,, હોળી માતાની ઉત્પતી.

,, માહા શીવરાત્રીના વ્રતની કથા.

,, ભીમા જમાદારની ભવાઈ.

,, રાજાના વીચીત્ર સ્વપનાની વાત.

,, સુરતની આગનો સંપુર્ણંમ હેવાલ.

,, મા હું ભલો કે મારો ભાઈ.

ઉપર જણાવેલી દરેક ચોપડીની કીમત ૭ પૈ રાખ્યવામાં આવી છે બહારી જાતની મંગાવનારને પોસ્ટેજ માફ.

ઠે૦ મુંબઈ કાલકાદેવી તેલવાડીને નાકે.	ઠા૦ વશનજી પરમાણંદ ચાહે અને પુસ્તકો વેચનાર.

પોતાની મેલે સુધરી જાશે. પણ આપણો ભીમો તો જેમ જેમ મોટો થવા લાગયો તેમ તેમ વીવાની વરસી વધારે કરવા મંડયો. જાણે કેમ અક્કલ સાથે આગલા જનમનું વેર હોય તેથી અક્કલ એ શું ચીજ છે તેની ભીમાને કાંઇ દરકાર હતી નહી

એક દીવસ અલીભાઆ ભીમાની ભવાઇથી કંટાળી જવાથી પોતાની બાયડીને કેહવા લાગો જે આપણે ભીમાને આપણાથી દુર માથે ગામડે મોકલીએ તો ત્યાં કાંઇ સુધરસે. તેથી કયાં મોકલવો તેનો વીચાર કરે છે તેવામાં ભીમાની માએ કહ્યું જે ભીમાને (ભડે) મોકલીએ. કેમકે ત્યાં મારા ભાઇઓ છે તેની પાસે રહેશે, અને આપણે અહીંથી ભીમાને ભરામણ લખી આપીશું એમ વીચાર કરીને સૌ સૌનો કામકાજે લાગા. રાતના અલીભાઆ ઘેર આવ્યો વાળુ કરી સુવાનો વખત થવાથી સૌ પોતાની જગાએ જઇ સુતા. અલીભાઆને ભીમા વીશેનો વીચાર બહુ હોવાથી ભીમાની માને કેહવા લાગો જે હવે

ભીમાને ભડે કયારે મોકલશું એટલે ભીમાની માએ કહ્યું કે સવારના પોહરમાં મોકલશું પણ ભીમો જાશે નહી તો ? તે વખતે આપણો ભીમો પણ જાગતો હોવાથી મનમાં વીચાર કરયો કે સવારે મને ભડે મોકલસે. અને વરી મારી માને બીક લાગે છે કે જાસે નહીં તો? માટે ચાલને હમણાજ જઇને સવારે પાછો આવું એટલે મારી મા તથા બાપ ખુશી થાએ. તેથી ઉઠીને ચાલવા મંડયો. સ્વાર પડયું અને અલીમીઆ ઉઠીને જુવે છે તો ભીમાની પથારી ખાલી પડેલી તેથી વીચારમાં પડી ગયા કે ભીમો કયા ગયો. ભીમાની મા કેહેવા લાગી જે ભીમો રાતની વાત સમજી જવાથી ઉઠીને ભાગી ગયો છે. માટે હવે તેને ગોતવો મુસ્કેલ પડશે તેવામાં તો ભીમો હાથમાં પગરખા લઇને હાંફતો હાંફતો આવી પુગો અને કેહવા લાગો જે હું ભડે જઇ આવ્યો તેથી તેના બાપે પુછયું કે સા કારણથી ગયો હતો એટલે ભીમાએ રાતની થએલી વાતચીત કહી તે ઉપરથી સૌને હસવું આવ્યું.

ભોગજોગે ઓચીતી લડાઈ ઉઠવાથી અલી-મીઆને ત્યાં જવાનુ થયું ત્યાં ઘણી બાહાદુરીથી લડયો પણ દુસમન તરફનુ જેર વધારે હોવાથી અલીમીઆ સખ્ત જખમી થવાથી તેનું મરણ થયું. તેની સોને ખબર થવાથી ઘણા દીલગીર થયા. અલીમીઆની લાગવગ ગામમાં વીશેસ હોવાથી તેની વીધવા ઉપર કેટલાએક દીલાશા ભરેલા સં-દેસા આવવા લાગાં—અને ભીમાને પણ તેના સગા વાહલા વીગેરે સમજાવીને કેહેવા લાગા જે હવે તારે સમજ રાખી ચાલવુ જોઇએ. તારો બાપ હતો તેવારે તું જે કરતો તે ચાલતું પણ હવે તો ખુદ તારી ઉપર ઘરનો સંસાર ચલાવવાનુ કામ આવી પડયું છે, વીગેર સમજાણ આપી, તેમજ તેના બાપની લાજ આબરૂ સારી હોવાને લીધે સો તેના ભણી રેહમ નજરથી જોતા હતા. અને મનમા એમ ધારતા હતા કે અલીમીઆની જગા-એ તેના છોકરાને રાખે તો સારૂ. તેવામાં ભીમાને દરબારમાંથી તેડું આવ્યું. તે ત્યાં ગયો અને તેના બાપની જગા ઉપર રેહવાનો હુકમ મલયો. તેથી

ભીમો હરખાતો હરખાતો ઘેર આવ્યો. અને એકદમ અભીમાનથી બોલવા ચાલવા લાગો. એટલા દીવસ તો જમાદારનો છોકરો કેહવાતો હતો પણ હવે ખુદ ભીમો જમાદાર થવાથી તેની ખોટી બડાઈનો પાર રેહો નહીં. એક દીવસ ભીમો સવારના ઉઠીને હમેશ મુજબ દીશાએ જવા નીકલ્યો તેને માટે જોઇતું પાણી ઘેરથી નહી લેવાને બદલે રસ્તામા એક વાવ આવે છે ત્યાં ઢોરને પાણી પીવા માટે કુંડીઓ ભરી રાખેલી હોય તેમાંથી પાણી ભરી લેતો હતો. જોગજોગે તે દીવસ પાણી કુંડીમાં નહી હોવાને લીધે ભીમો બહુજ ગુસ્સે થઈ આમ તેમ પાણી મેળવવા માટે જોવા લાગો પણ કયાંઈ પાણી લેવાનો જોગ દીઠો નહી તેથી વાવમા ઉતરીને પાણી લેવાનો વીચાર કરી વાવના કાંઠાં ઉપર વાંકો વરીને જોવા લાગો તો ભીમા જમાદારનું મોઢું પાણીમાંથી દેખાવા લાગુ પણ ભીમો તો એકદમ જોઇને જુસામાં આવી ગયો. એમ નહી સમજ્યો કે આ મારુજ મોઢું પાણીમાથી દેખાય છે તેથી વગર સમજે

તેને અપમાન ભરેલા મુકનથી વધાવવા મંડી પડયો અને હાથપગના લટકા કરી મારવાની નીસાનીઓ દેખાડવા લાગો. તેવામાં બે ચાર માણસ પણ એકઠા થઈ જવાથી જમાદાર ફુગાવા મંડયાં. પેલા માણસો પુછવા લાગા જે જમાદાર બાપુ એ ક્યા ધામધુમ લગ રહી હે. જમાદાર બોલ્યો. અરે આજકી ધામધુમ તો બડી કમબખત હે. દેખોને એ કોઈ ઉલ્લુ આકે વાવમાં છુપ બેઠા હે. ઓર પુછતા હું તો બીજાશા બતા કે જવાબ દેતા હે ક્યા મેરેકું એ નહી પીછનતા હોગા કે એ બીમા જમાદાર હે. સારે ગાવ કે લોકુકુ તો ખબર હે. ઓર એ ઉલ્લુકુ નહી હે. એમ ખુબ જોસમાંથી જમાદારનું બોલવું સાંભરીને પેલો માણસ વાવમાં જુવે છે તો કોઈ મલે નહી પણ જમાદારના કોતક જાણે તેથી તેની વાત સમજી લીધી જે આતો પોતાના પડછાયા સામે હુજત કરે છે. પણ જમાદારને જો એમ સમજાવે તો ઘણો ગરમ થઈને સામા ધણીને ગાલ ગલોચ આપે તેથી તેની ભુલ કાંઈ સુધારે નહી

ઓર તેનો જુસો વધારે ઉસકેરવા માટે તેની વાતને ટેકો આપે તેથી તમાસગીરોને હસવાની મોજ પડે. પણ આપણા બીમા જમાદાર કાંઈ સમજે નહીં. અંતે તેની સાથે લડાઈ કરવા મનમાં નકી કરી પોતાને ઘેરથી પોતાના હાથ હેઠલના સીપાઈઓને બોલાવીને કેહવા લાગો દેખો ભાઈ. રબડીખા તગારીખા આજકી લડાઈ બોત મેહનતકી હે. તો મેરે ભાઈ એસી બાહાદુરીસે લડના કે દુસમનકા આદમી એકભી જીતા રેહને નહી દેના. પેલા પુછવા લાગા જમાદાર બાપુ કયા હે. કુછ સમજાવતો ખરા તેથી જમાદાર કુવામા દેખાતુ પોતાના મોઢા વીસેનું બીયાંન કરયું તેથી પેલા સૌ કુવાના કાંઠા ઉપર હથયાર સંભારીને હાર બંધ ઉભીને જોવા લાગા તો કુવામાંથી પણ તેજ પરમાણે દેખાવા લાગુ તેથી જમાદાર તો હીમત હારી બેઠા અને મન સાથે વીચાર કરવા લાગો જે. હમ તો એકીલા સમજતે તે પણ એ તો બોત જણા હે પણ કુછ ફીકર નહી હે તો કયા હુવા અપન દુસરે આદમીકુ બુલાઈ લેંગે

તેથી પેલા સીપાઓને કેહવા લાગો જે ભાઈ દેખો દુસમનકા આદમી પણ કુછ થોડા નહી હે તેથી પેલા બધા વાવમાં જોવા લાગા તેથી પોતાના મોઢા દેખાવા લાગા તેથી એ પણ જમાદાર જેવા. તેથી ખુબ જોસમા આવીને ગાલ ગલોચ સામ સામી કરવા મંડી પડયાં જેમ જેને ફાવે તેમ ગારૂં દેવા લાગા પણ કોઈ એમ નહી સમજયું જે આ તો આપણીજ સુરત દેખાઈ છે. તેવામા જમાદારને એક મજાનો ઉપાય સુજયો તેથી કેહવા લાગો દેખો ભાઈ તુમ વાવ કે કાંઠે પર બરાબર હુસયારીસે ખડા રેહેના ઓર હમ વાવમે જાકર દુસમનકા આદમીકુ ગીણ આવે તો પીછુ અપને કુ માલુમ રેહવે કયું રબડીખાં સચા કે જુઠા. રબડીખા બોલ્યા હા જમાદાર બાબુ એ અછા. જમાદાર જેમ કહે તેમ તેના હાથ નીચેના માણસો કરતા. દીવસે ચાંદ દેખાઈ છે તો કહે હા સાહેબ દીખાતા હે ખરા પછે જમાદારના કેહવાથી પગે દોરડું બાંધી ઉંધે માથે વાવમાં ઉતારી દોરડું ખુબ મજબુતીથી પકડી રાખ્યું વાવમાં ઉંધે માથે

ઉતરતાં ઉતરતાં જમાદાર પોતાના માણસોને ખુબ ભરામણ દેવા લાગો દેખો બેટા હુસ્યારીસે ખડા રહેના. ઓર દોરીકુ છોડના નહી હમકુ વખત લગે તો જલદીસે ખેચ લેના હમ ખોટી નહી રેહુગા. પણ તુમકુ બોલ જાતા હુ કે ખોટી હોવે તો ખેંચ લેનાં એમ ભરામણ દઈ પાણીમાં પડવા પાણી પણ ત્રણ ચાર પુરશ વેર ઉંડા હોવાથી જમાદાર માંડમાંડ તરીએ બેઠા તેવામાં વાવમાં ભાંઠ હોવાથી જમાદારનું માથું તેમાં ભ-રાઈ ગયું તે કેમે કરેયું નીકલે નહીં અને જમાદારનો દંમ પણ બંધ થઈ ગયો પણ માથું ભખરાડમાંથી નીકલ્યું નહી. આસરે બા કલાક થઈ ત્યારે પેલા ઉપર બેઠેલા અક્કલના બારદાનો પોતાનું ડાહપણ ડોરવા લાગા ભાઈ અબ ખેચ લેના મૈંયે કયુ કે જમાદારકા મંગજ બોત ગરમ હે ઓર દુસમનકા આદમી કોઈ જમાદાર ઓર ઠીહુડકેટમે આજાવે તો જમાદાર મારે બીગર છોડ નહી ઓર ઝગડા બોત હોજાવે અને જમાદાર એકીલા ક્યાં કરે એમ વીચારી દોરીને ખેચવા

લાગા પણ ખેચાઇ નહી તેથી બધા જણા સાથે જોર કરી મજબુત ઝટકો મારવાથી જમાદારનું માથું ધડથી છુટું થઇ ગયું. અને માથા વગરનુ ધડ ખેચી લીધું પણ હજી સુધી કોઇને સમજ પડતી નથી કે જમાદારનું માંથુ કપાઇ ગયું છે જમાદારને વાવના કાંઠા ઉપર સુવરાવીને માથે લુગડું ઓઢાડીને માંહે માહે મલકાવા લાગા જમાદાર નહી હોતા તે એસા વાવમે જાનેકી હીમત કોન કરનેવાલા હોતા. જમાદાર બડા અકલવાન હે. એસા એસી યુકતીસે કામ લેતા હે કે કુછ બાત કરનેકી નાહીં અપના જાફરખાન કે ઘેર સાદી હોતી ઓર અપને સબકુ ખાનેકુ બુલાયાથા ઓર એક દેગડે મે ભેંસ કા માંથા અંટક રહા થા સો નીકલે નહીં. પોત આદમીને મેહનત કીયા પણ દેગડે મેસે માંથા નીકાલનેકી યુકતી કીસકુ સુજી નહી. ઓ દીન જમાદાર કુછ કાંમકે લીએ ગામડે મે ગીઆ હોતા સો જાફરખાન કા નસીબસે ઓજ દીન જમાદાર આપુહુઆતા જમાદાર આકે દેખને લગા ઓર

સબંકુ ધમકાનેકું લાગા તુમલોકુકુ ખુદાને કુછ અકલ દીઆહે કે નહીં એ બચારી ભેસકબ કો હેરાન હોતી હોયગી. તો ઇસકા માથાં નીકાલ નેકુ કીસકી અકલ ચલી નહીં એમ ખુબ બંધાને ધમકાવીને કેહેવા લાગો દેખતા કયા હો-ઝાટકા (તરવાર) હેકે નહી નીકાલકે મારો ગર-દનપર અબી છુટા હો જેયગા તેવામાં બંધાને સુર ચઢી ગયું તેથી ધડોધડ તરવાર લઇને મંડી પડયા તેથી માંથું કાપી નાખ્યું અને ધડ એક બાજુ જઇ પડયું પણ માથું હેગડામા રહી જ વાથી વરી પાછા બીમા જમાદાર ને કેહુવા લાગ-આબ એ માથા કેસે નીકાલના એ અકલ તો તુમને બરાબર બતાઇ પણ ઇસકી પણ બતાદો એટલે જમાદાર બોલ્યા. અરે ઇસમે અકલ ક્યાં ચલનેકી હે પથર લેકે હેગડેકું તોડ ડાલો ઓર પીછે દેખો નીકલતા હે કે નહી નીકલતા હે. તેવામાં તો સૌને જોસ આવી જવાથી મોટા મોટા પથરા ઉચકીને હેગડા ઉપર પછાડવા મંડી પડયા તેથી હેગડાના બે કટકા થયા અને ભેંસનું

માથું બાહેર નીકલી પડયું તેથી ભીમા જમાદાર
રના સૌ વખાણ કરવા લાગાં. જમાદાર બીગ-
એસા બડા કામ કરનેકી દુસરેકી મગદુર નહી
હે. એમ વાતો કરતા એક જણાએ જમાદારના
મોઢા ઉપરથી લુગડું ખસેડીને જોવા લાગો પણ
આંખ કાંન નહી દેખાવાથી બીજાઓને કેહવા
લાગો. દેખે તો ભાઈ જમાદારકા સીર કીધર
ગયા તેથી બધા વીચારમાં પડયા. અને સીર કયાં
ગયું તેનું કોઈને ભાન રહ્યું નહી તેથી એક જણો
દોઢ ડાહયો બોલ્યો. કે જમાદારકા સીર હોતાજ
નહીં. હોવે તો ઈતને જણ આપુન બેઠે હે ઈ-
સમેસે કીસકા મગદુર હે કે લે જાવે. તોપણ
બરાબર વીસવાસ નહી હોવાને લીધે જમાદારને
ઘેર તેની બાયડીને પુછવાને દોડી ગયા ત્યાં જ-
માદારની બાયડી રેંટીઓ કાંતતી જમાદારની વાટ
જોઈ બેઠી હુતી તેને આવીને કહ્યું કે બડીબુ
જમાદારકા સીર હોતા કે નહી હોતાં બડીબુ પણ
વીચારમાં પડી કે સીરકી તો મુજે ખબર નહીં હે પણ
રોટીઆં ખાતેથે જબ જમાદારકા દાલ ચુંચું (પોતા-

ની દાઢી હુલાવીને કેહવા લાગી જે) હીલતા હોતાં ખરા તુમ જાકે તપાસ કરો કે જમાદારકા દાઢા હે કે નહીં એટલે એક જણો જઈને જોવા લાગે. એટલે જમાદારનુ ડાઢું પણ દેખાણું નહી ત્યાં આવીને કેહેવા લાગો કે હમકુ તો કુછ દઢા દીખાતા નહીં તુમ આકે હમકો દીખાવ એટલે ભીમાની બાયડી ત્યાં આવીને જોવા લાગી એટલે દાઢુ દીઠુ નહી તેવામાં ગામના માણસો ત્યાં એકઠા થએલા હતા તેમાથી એક જણ બોલી ઉઠયો, કે જમાદારનુ માથું કપાઈ ગયું છે એમ ભુલ સુધારવાથી સૌ જોવા લાગા તો માથુ કપાઈ ગયાની સમજાણુ પડી એટલે ત્યાં મોટી રલાપીત થઈ. અને લોકો એકઠા થઈ દીલગીરીથી ભીમા જમાદારના અભીમાન અને ખોટી બડાઈને વખોડવા લાગાં અને અંતે તેનુ મરણ તેની ખોટી શીસયારીથી થઉ તેથી લોકોને હસવુ ને હાણુ જેવું થવા લાગું ભીમાના સૌ સગાવાહાલા તીઆ આવી ને જુવે છે તો ભીમાનુ મુડદુ પડેલુ તેથી તેને ઠેકાણે પાડવા લઈ ગયા ભીમાની બાયડીને સૌ દીલાસો દેવા લાગાં

સંપુર્ણમ.